R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 49 DATE: 09-12-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## રેરાનો વિરોધ કરતી બિલ્ડરો દ્વારા કરાયેલી વિવિધ અરજીઓને બોમ્બે હાઇકોર્ટે ફગાવતાં કહ્યુ કે રેરા ગ્રાહકો માટે યોગ્ય અને લાભકર્તા છે

કેન્દ્ર સરકાર અને રાજય સરકારોને મુંબઈ હાઈકોર્ટે રાહતનો દમ ભરી શકે તેવો આદેશ જારી કર્યો હતો.રેરા( રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ)ની જોગવાઈઓનો વિરોધ કરતી બિલ્ડરો દ્વારા કરાયેલી વિવિધ જનહિતની અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. બોમ્બે હાઈકોર્ટના જસ્ટીસ રાજેર કેતકર અને નરેશ પાટીલ સમક્ષ રાજ્યભરમાં રેરાનો વિરોધ કરતી બધીજ અરજીઓની એક સાથે સુનાવણી કરવામાં આવી હતી.કોર્ટે આ સંદર્ભે કહ્યુ હતું કે રેરા ગ્રાહકો માટે લાભકર્તા છે.જો કે કોર્ટે બિલ્ડરોની પ્રોજેકટ પુરો કરવા સમય લંબાવી આપવાના ભાગ અને એપલેટ ટ્રિબ્યુનલમાં બાબુઓની નિમણુંક ન કરાય એ બે વાત માન્ય રાખી હતી.દરેક આંખનું દરેક આંસુ લુછવું જરુરી છે.ગાંધીજીના આ વાક્યનો ઉલ્લેખ કરતાં કોર્ટે કહ્યુ હતું કે રેરા ગ્રાહકોના હિતમાં હોવાથી એવા કાયદાની જરુર છે. કોર્ટે કહ્યુ હતું કે રેરા કાયદાના સેકસન ૬,૭ અને૩૭ની રેરા ઓથોરીટી દ્વારા ઝીણવટભરી તપાસ બાદ અપવાદરુપ કિસ્સાઓમાં જ બિલ્ડરને પ્રોજેક્ટ પુરો કરવામાં સમય લંબાવી આપવામાં આવે.

બિલ્ડરો દ્વારા ફ્લેટ બુકિંગ લીધા બાદ વર્ષો સુધી ફ્લેટનો કબજો ન અપાતો હોવાથી અનેક લોકોની જીંદગીભરની કમાણી તેમાં ફસાઈ જતી હતી. અથવા અનેક લોકોના મસમોટી લોનના હપ્તા ચાલુ થઈ જતા હતા. પણ ફ્લેટનો તાબો વર્ષો સુધી મળતો નહોતો.એથી તેમના હિતનું રક્ષણ કરવા કેન્દ્ર સરકારે ૨૫ માર્ચ ૨૦૧૬ના રોજ રેરા કાયદો મંજુર કરાવ્યો હતો.જે હેઠળ દરેક બિલ્ડર કે ડેવલપરે તેનો પ્રોજેક્ટ રેરા હેઠળ નોધાવવો ફરજીયાત બનાવ્યું હતું. એ પછી મહારાષ્ટ્ર સરકારે પણ તેનો અમલ કરવાનું ઠેરવ્યું હતું. જો કે એ પહેલાં જનતાએ મોકલાવેલા ૭૫૦ સુચનોનો પણ વિચાર કરવામાં આવ્યો હતો.આખરે રાજયના મંત્રીમંડળની મંજુરી બાદ ૧ મે,૨૦૧૭થી તેને અમલમાં મુકવામાં આવ્યો હતો.

## આખરે વાવાઝોડું 'ઓખી' દરિયામાં જ શાંત પડતાં ગુજરાત પરથી આફત ટળી

વાવાઝોડું ઓખી દરિયામાં જ શાંત બનતા ગુજરાતમાં લોકોએ રાહતનો દમ ખેચ્યો હતો. જોકે છેલ્લા ત્રણ ચાર દિવસોમાં વરસાદ અને ઠંડીનો ચમકારો લોકોએ માણ્યો હતો.સદનસીબે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કોઈ નુકશાન કે હાનિ પહોચી નથી

## દેશમાં સમાન સિવિલ કોડ શકય નથી તેમજ તેના માટે કોઇ વિકલ્પ નથી : કાયદાપંચ ના ચેરમેનની રજુઆત

ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં દેશમાં સમાન સીવીલ કોડ લાવવાના અભરખા પર કાયદાપંચના ચેરમેને પાણી ફેરવી દીધું છે.કાયદા પંચના ચેરમેન જસ્ટીસ બલબીરસિંહ ચૌહાણે જણાવ્યુ હતું કે દેશમાં સમાન સીવીલ કોડનો અમલ શક્ય જ નથી. અને તે માટે વિકલ્પ પણ નથી.તેમણે એક મુલાકાતમાં કહ્યુ હતું કે પર્સનલ લોને ક્યારેય રદ કરી શકાય નહીં કારણ કે બંધારણ દ્વારા તેને રક્ષણ મળેલું છે.થોડા મહિના પહેલાં દેશમાં જ્યારે ટ્રિપલ તલાકના મુદ્દે જાહેર ચર્ચાએ વેગ પકડ્યો હતો ત્યારે સમાન સીવીલ કોડનો મુદ્દો પણ ચગ્યો હતો.૨૧માં કાયદા પંચ દ્વારા હવે સમાન સીવીલ કોડનો આઈડીયા પડતો મુકવામાં આવ્યો છે અને કેટલાક પર્સનલ લોને લગતા કાયદામાં સુધારા કરવા વિચારાયું છે.

હિંદુ લો,મુસ્લીમ લો,ક્રિશ્ચિયન લો અને પારસી લો વગેરેમાં કેવા સુધારા કે ફેરફારો કરી શકાય તે અંગે જુદા જુદા સુચનો કરાશે.દરેક ધર્મના પ્રશ્નોને સમજીને તેના યોગ્ય ઉકેલ લાવવા માટે પંચ દ્વારા ભલામણો કરાશે. આ મામલે પંચ બંધારણની અવગણના કરી શકે નહીં કે તેની મર્યાદા ઓળંગીને નિર્ણય લઈ શકાય નહીં આથી સમાન સવિલિ કોડને સંકલિત કરી શકાય નહીં.

ટ્રિપલ તલાકનો ચુકાદો પર્સનલ લોમાં ન્યાયતંત્રની દખલગીરી ગણાય કે નહીં તેવા પ્રશ્નના જવાબમાં ચૌહાણે કહ્યુ હતું કે દરેક પર્સનલ લો એ પોતાની રીતે પવિત્ર છે જેની સાથે કોઈપણ વ્યક્તિ ચેડા કરી શકે નહી. પર્સનલ લો એ બંધારણના આર્ટીકલ ૨૫નો હિસ્સો છે અને તેથી તેને કયારેય રદ કરી શકાય નહીં. બંધારણનો ભંગ કરતો કોઈપણ કાયદો હોય તો તે રદબાતલ ઠરે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## બેન્કોની એનપીએની જવાબદારી હવે ગ્રાહકોના માથે ઠોકી બેસાડાશે

બેન્કોના બચત ખાતામાં ગ્રાહકોએ રોકેલા નાંણાને રક્ષણ આપવાને બદલે સરકાર બેન્કોની એનપીએની જવાબદારી ગ્રાહકોને માથા પર ઠોકી બેસાડશે.રાષ્ટ્રીયકૃત બેન્કોમાં એનપીએ વધવાનું કારણ એ છે કે બેન્કોના અધિકારીઓએ ભ્રષ્ટાચાર આદરીને બેફામ ધિરાણ કર્યુ જે પરત નહી આવી શકતું હોવાને કારણે તેની જવાબદારી ગ્રાહકો પર ઠોકી બેસાડવાનો કારસો સરાર દ્વારા ઘડાઈ રહ્યો છે.બેન્કો માંદી પડવાના કારણો બેન્કોના જવાબદાર અધિકારીઓ અને લોન લેનારા ઉદ્યોગપતિઓ જેવા કે માલીયા જે બેન્કોનું કરજ લઈ વિદેશમાં છટકી ગયા છે તે નાણાં પરત ના આવે તો તેની જવાબદારી ગ્રાહકોના શીરે રહેશે.આવા ફસાઈ ગયેલા નાણાં પરત નહીં આવે પરંતુ જેમણે બચત ખાતામાં નાણાં રોકેલા છે તે કેટલા પરત કરવા તે સરકાર નક્કી કરશે.

આ નવા કાયદામાં સૌથી ખતરનાક જોગવાઈ કાયમી નોટબંધીની છે. અત્યારે બેન્કો માંદી પડે તો સરકાર તેની તિજોરીમાંથી નાંણા આપીને ઉગારે છે.પરંતુ આ કાયદો અમલમાં આવ્યા પછી બેન્કોની એનપીએની સમસ્યા ઉભી થાય તો નવું રિઝોલ્યુશન કોર્પોરેશન નક્કી કરશે કે બેન્કના ખાતામાંથી ગ્રાહકે ડિપોઝીટ કરેલાં નાણાંમાંથી તે કેટલા નાંણા ઉપાડી શકશે.

દાખલા તરીકે અત્યારે હાલમાં તમારા બેન્કના સેવિગ્સ એકાઉન્ટમાં એક લાખ રુપીયા છે.જે તમે ઈચ્છો ત્યારે ઉપાડી શકો છો. પરંતુ નવો કાયદો આવ્યા પછી રિઝોલ્યુશન કોર્પોરેશન નક્કી કરશે કે આર્થિક સંકટમાં ગ્રાહકોને તેમના ખાતામાંથી કેટલા નાંણા ઉપાડવાની પરવાનગી અપાય અને તેમની કેટલી બચત બેન્કોના એનપીએના નિકાલમાં વાપરવામાં આવે. કેન્દ્ર સરકાર સંસદ ના શિયાળુ સત્રમાં ફાઈનાનશિયલ રિઝોલ્યુશન એન્ડ ડિપોઝીટ ઈન્સ્યોરન્સ બિલ લાવવાની તૈયારી કરી છે.

ખરેખર બેન્કોની એનપીએ વધવા પાછળની જવાબદારી બેન્કોના અધિકારીઓની છે.તેથી તેમની તમામ મિલ્કતો જપ્ત કરી તેમના હક્કના નાંણા જપ્ત કરી એનપીએ ખાતે વસુલવામાં આવે તેવો કાયદો કરવાની જરુરીયાત છે. ગ્રાહકોને દંડવાથી લોન લેનાર અને લોન આપનાર બેઉને તો બેઉ હાથમાં લાડુ આપવાનો કાયદો છે. ભ્રષ્ટાચાર નાબુદ કરવાની જવાબદારી સરકારની છે. બેન્કના ખાતામાં જમા નાણાંની ગેરંટી હવે નાબુદ થઈ જશે.

કેન્દ્ર સરકાર નવો એફઆરડીઆઈ કાયદો અમલમાં આવતાં જ પ્રવર્તમાન કાયદા અંતગર્ત મળતી ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી સમાપ્ત થઈ જશે.હાલ ગ્રાહકોને અલગ અલગ બેન્કોમાં જમા તેમના નાણાંની ગેરંટી આ કાયદા દ્વારા જ મળે છે. આ કાયદાર્નીક મહત્વની જોગવાઈ એ છે કે જો બેન્ક માંદી પડે અને તેને દેવાળીયું ઘોષિત કરાય તો બેન્કે ગ્રાહકોને ફરજીયાત એક લાખ રુપીયા સુધીની થાપણ પ રત કરવી પડે છે. આ કાયદાના કારણે દેશની હાલની બેન્કીંગ વ્યવસ્થા સૌથી સુરક્ષિત મનાય છે. પરંતુ તે નાબુદ થઈ જતાં બેન્કના ખાતામાં પડેલા નાણાંની કોઈ ગેરંટી રહેશે નહીં. આ કાયદાના કારણેજ ગ્રાહકોને વિશ્વાસ છે કે તેમના નાણાં ટુબી નહીં જાય.

## ૩,૬૦,૯૧૨ કરોડની લોન સરકારી બેન્કોએ ખોટ ખાતે ચઢાવી દીધી

ભારતની સરકારી બેન્કોએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ છ માસમાં ૫૫૩૫૬કરોડ રુપીયાની લોન અભરાઈ પર ચઢાવી દીધી છે.આ ખુલાસો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી માહિતી અધિકાર હેઠળ મેળવેલી જાણકારીથી થયો છે.જો છેલ્લા દસ વર્ષના આંકડા પર નજર નાખીંએ તો જાણવા મળે છે કે સરકારી બેન્કોએ લગભગ ઉલાક ૬૦ હજાર કરોડ રુપીયા અભરાઈ પર ચઢાવી દીધા છે.સરકારી બેન્કોના કરજદારોમાં કેટલાય કોર્પોરેટ પરિવાર, ફર્મ,અને મોટા બિઝનેસમેન સામેલ છે.આરટીઆઈ દ્વારા મળેલી જાણકારી પ્રમાણે બેન્કોએ નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ એટલે કે નવ વર્ષમાં ૨,૨૮,૩૫૩ કરોડ રુપીયા ખોટ ખાતે નાંખી દીધા છે.આ નાણાંકીય વર્ષમાં રાઈટઓફ, એટલેકે અભરાઈએ ચડાવીી દેવામાં આવેલી રકમ ગયા વર્ષની ૩૫૯૮૫ કરોડના મુકાબલે ૫૪ ટકા વધારે છે.બેન્કો દ્વારા એનપીએ એસેટને રાઈટ ઓફ કરવાની એક સામાન્ય પ્રક્રિયા છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મુંબઇની હાઇકોર્ટે કરેલી ટિપ્પણી સાંપ્રત સમાજ માટે,રાજ્ય સત્તા માટે ખરેખર ભયસુચક સિગ્નલ સમાન છે.હાઇકોર્ટની બેન્ચે એવી નોંધ કરી છે કે મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યો પોતાની પ્રગતિવાદી અને આધુનિક વિચારસરણી માટે જાણીતા છે.મહારાષ્ટ્ર અને કર્ણાટક પોતાના સમાજ સુધારકો અને વિચારકો માટે જાણીતા છે.પરંતુ આવા બનાવોને લીધી તેમની છબી અને રાષ્ટ્રીય છબી ખરડાય છે.

કેટલાક અસામાજિક તત્વોને રાજકીય સહવાસ અને સાથ મળ્યો હોવાથી તેઓ ખુલ્લેઆમ તેમના આકાઓને ખુશ કરવા માટે ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો કરવા ઉતરી પડે છે.પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે છે.પોલીસ અને અન્ય તપાસ સંસ્થાઓ પણ રાજકીય હસ્તક્ષેપને કારણે આવી પરિસ્થિતિમાં કડક હાથે કામ લઇ શકતી નથી.

સોશ્યલ મીડીયા ઉપર કોઇ પોતાનો મત વ્યક્ત કરે પછી તેમનો પ્રતિકાર કરનારા હજારોની સંખ્યામાં ઉમટી પડે છે.કોઇ ખાસ ટિપ્પણી પર હિંસક હુમલા તેમના પરિવાર જનોને લક્ષ્યાંક બનાવવા,રીતો વ્યવસ્થિત આયોજન પુર્વક બની રહી છે.જ્યાં લોકો પોતાનો મત વ્યક્ત કરી નથી શકતાં ત્યાં લોકશાહી માટે ખતરો ઉભો થાય છે.ભારતની લોકશાહીની પ્રતિષ્ઠા ખરડાઇ રહી છે તેવી ટિપ્પણી હાઇકોર્ટે કરી છે. તેમજ તેની ચિંતા પણ વ્યક્ત કરી છે.માત્ર ટિપ્પણીઓ કરવાની જ પ્રશ્ન હલ થતો નથી.

## મંતવ્ય

ચુંટણી પર્વમાં અનેક કાવાદાવાઓ ચાલી રહ્યા છે.અત્યાર સુધીમાં કોગ્રેસના ઉપાધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી માટે અનેકોવાર ખરાબ શબ્દો કે તેમને ઉતારી પાડતી બાબતો ભાજપ તરફથી કરવામાં આવતી હતી.પરંતુ તેમની આ પ્રપંચલીલા પર કોગ્રેસે કે રાહુલ ગાંધીએ કોઇપણ જાતની પ્રતિક્રીયાઓ આપી નહોતી કે તેને બદનક્ષી ગણાવી નહોતી.પરંતુ ભાજપામાં કોઇપણ ટીકા સહન કરવાની નૈતીક તાકાત નથી.અનેક જુઠ્ઠાણાઓ કે જેને જુમલાઓ તરીકે ગણવામાં આવે છે તેને પણ લોકોએ ગપ્પા તરીકે સ્વીકારી લીધા છે અને તેની ટીકાઓ કરે છે તે પણ તમને પોસાતું નથી.

કેટલીક વિવાદાસ્પદ બાબતો ઉપર ટીકાઓ કરવી વ્યાજબી છે અને તે દ્વારા સરકાર કે તેમના નેતાઓ તેમાં સુધારાઓ લાવી શકે છે.પરતુ ટીકા કરવી તે તેમનાથી સહન થતું નથી.નીતિવિષયક નિર્ણયો પર લોકો તેમના વિચારો રજુ કરી શકે છે તેથી તેમને ઉતારી પાડવા અને તેમના પર વરસી પડવું તે વ્યાજબી તો નથી જ.પરિપક્વ લોકશાહીમાં ટીકા ટીપ્પણીને પ્રાધાન્ય છે. આપણુ લોકશાહી તંત્ર દેશમાં વિચાર,વાણી અને અભિવ્યક્તિની સ્વાતંત્રતા આપે છે તેના પર લગામ કસવી તે સરમુખત્યારશાહી બરાબર છે.શું આપણી લોકશાહી સરમુખત્યારશાહી તરફ પ્રયાણ કરી રહી છે કે શું ?ચુંટણીઓમાં માન અને મર્યાદા જળવાવા જોઇએ.

રમણભાઇ પી. વાણિયા


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# મેડીકલમાં ગેરકાયદે પ્રવેશ સામે ૧૫૦ વિદ્યાર્થીઓને રૂ.૧૦-૧૦ લાખ આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ



લખનૌની એક મેડિકલ કોલેજે ૧૫૦ વિદ્યાર્થીઓને ગેરકાયદેસર પ્રવેશ આપ્યો હતો.હવે સુપ્રીમ કોર્ટે આ કોલેજને આદેશ કર્યો છે કે આ દરેક વિદ્યાર્થીને રૂ.૧૦-૧૦લાખ વળતર પેટે કોલેજે ચુકવવાના રહેશે.ગેરકાયદેસર પ્રવેશને મંજુરી આપવા બદલ અલ્હાબાદ હાઇકોર્ટની બેન્ચની પણ સુપ્રીમ કોર્ટે આકરી ઝાટકણી કાઢી છે.

સુપ્રીમ કોર્ટે કોલેજને વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ ફી પેટે લીધેલી રકમ રિફંટ કરવાનો આદેશ કર્યો છે.અને ૨૫ લાખ રુપીયાનો દંડ પણ ફટકાર્યો છે.સુપ્રીમ કોર્ટની રજીસ્ટ્રીમાં આ રકમ જમા કરાવવાની રહેશે. આગામી ૨૦૧૮-૧૯ના વર્ષમાં પણ આ કોલેજને એકપણ વિદ્યાર્થીને એડમિશન આપવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

અલ્હાબાદ હાઇકોર્ટની બેન્ચે આ વિદ્યાર્થીઓને પ્રવેશની મંજુરી આપી તે બદલ ઉધડો લઇને ચીફ જસ્ટીસ દીપક મિશ્રા અને જસ્ટીસ એ.એમ.ખાનવિલકર તથા જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે આ ન્યાયિક અશિસ્ત અને અયોગ્યતા દર્શાવી છે.મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા વતી હજાર રહેલા સીનીયર એડવોકેટ વિકાસ સિંહ અને વકીલ ગૌરવ શર્માએ કહ્યુ હતું કે હાઇકોર્ટે મંજુરી આપી હતી.કોલેજ પાસે તો કેન્દ્ર તરફથી આવી કોઇપણ મંજુરી ન હતી.વળી, કોલેજ પાસે ઇન્ફાસ્ટ્રકચર,ક્લિનિકલ મટીરીયલ અને ફેકલ્ટી પણ પુરતા પ્રમાણમાં નહતા. એટલું જ નહી, હાઇકોર્ટે સુપ્રીમ કોર્ટના જ આ અંગેના વચગાળાના આદેશની પણ અવગણના કરી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે હાઇકોર્ટની બેન્ચે એક પ્રકારે સુપ્રીમ કોર્ટના આદેશને ધોળી પી ગઇ છે અને તમામ નિયમોનો ભંગ કર્યો છે.આ ખુબજ દુર્ભાગ્યપુર્ણ છે. જેને કારણે સંસ્થાગત સમસ્યા ઊભી થઇ શકે છે.કોલેજ વતી હાજર રહેલા સીનીયર એડવોકેટ રાજીવ ધવને કહ્યુ કે હાઇકોર્ટના ખોટા ચુકાદાની સજા કોલેજ ને ન મળવી જોઇએ. જો કે બેન્ચે આ દલીલ ફગાવી દીધી હતી.

પ્રસાદ એજ્યુકેશન ટ્રસ્ટ,લખનૌ કોલેજની તરફેણમાં ચુકાદો આપવા બદલ સીબીઆઇએ તાજેતરમાં ઓરિસ્સા હાઇકોર્ટના નિવૃત જજ આઇએમ કુદુસીની ધરપકડ કરી હતી. તેઓ અગાઉ અલ્હાબાદ હાઇકોર્ટમાં સેવા આપી ચુકયા હતા.મેડીકલ કાઉન્સીલે આ કોલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પ્ર પ્રતિબંધ મુક્યો હતો. તેની ઉપરવટ જવા માટે વચેટીયાઓની મદદથી કોલેજ અને જજ વચ્ચે સાંઠગાઠ થઇ ગઇ અને આ ચુકાદો કોલેજની તરફેણમાં આવ્યો.કુદુસીએ કોલેજના સ્થાપકોને એવું કહ્યુ હતું કે તેઓ લીગલ ગાઇડન્સ આપશે અને સુપ્રીમ કોર્ટમાંથી પણ તેમની તરફેણમાં ચુકાદો લાવી આપશે.

સુપ્રીમ કોર્ટે હાઇકોર્ટમાં પણ ભ્રષ્ટાચાર આદરીને ચુકાદાઓ મેળવી શકાય છે તે ઉપર આ આદેશથી મહોર મારી છે.

# ભાજપના સાંસદ શત્રુધ્નસિંહાએ વડાપ્રધાન માટે ચાયવાલા શબ્દનો પ્રયોગ કર્યો

ભાજપાના કોઇપણ નેતા વિરુધ્ધની ટીપ્પણી કે કોઇપણ જાતનો શબ્દ પ્રયોગ કરવામાં આવે ત્યારે વિશેષ ફોર્સ તેની સામે હોબાળો મચાવે કે પછી સોશ્યલ મીડીયામાં તેની મજાક ઉડાવે કે પછી તેમની સામે કોર્ટમાં વિવિધ જગ્યાઓ પર કેસો ઠોકી બેસાડી દેવામાં આવે. પરંતુ તેઓ કોઇની ગમે તેવી ટિપ્પણી કરવાને હકદાર છે તેવી માન્યતા તેઓ ધરાવે છે.

હાલમાં સીનીયર ભાજપી નેતા અને સાંસદ શત્રુધ્નસિંહાએ યુવા કોગ્રેસના ઓનલાઇન મેગેઝીનના એક કટાક્ષ ચિત્રમાં પીએમ મોદી માટે ચાયવાલા શબ્દ ઉપયોગમાં લેવાયો ત્યારે ભાજપ અને ભાજપના સમર્થકો દ્વાર ભારે હોબાળો મચાવાયો હતો.પરંતુ ફરીથી એકવાર ચાયવાલા શબ્દનો પ્રયોગ ભાજપના નેતા શત્રુધ્નસિંહા દ્વારા જ કરવામાં આવ્યો છે.સિંહાએ ટિપ્પણીમાં સ્મૃતિ ઇરાની અને અરુણ જેટલીને પણ છોડ્યા નહોતા. એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સિંહાએ કહ્યુ હતું કે જો વકીલબાબુ અર્થતંત્ર વિશે બોલી શકે, જો ટીવી એક્ટ્રેસદેશના એચઆરડી મંત્રી બની શકે અને જો ચાયવાલા પીએમ બની શકે તો .. હુ આ વાક્ય પુરુ નહી કરુ પણ શા માટે હું શા માટે અર્થતંત્ર પર બોલી ના શકું. આ જ સપ્તાહમાં જ અગાઉ કોગ્રેસ ત્યારે વિમાસણમાં મુકાઇ હતી જ્યારે તેની પાંખ દ્વારા મીમ શબ્દ દ્વારા પીએમ મોદીની મજાક ઉડાવવાની કોશીશ થઇ હતી.

# પદ્માવતી ફિલ્મ બાબતે ટિપ્પણી કરતા નેતાઓ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી દેખાડી

સુપ્રીમ કોર્ટે ફિલ્મ પદ્માવતી સામે એલફેલ બોલનારા ઉચ્ચ હોદ્દા પરની વ્યક્તિઓ સામે વાંધો લીધો હતો.ખાસ કરીને રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજકીય નેતાઓ દ્વારા થઇ રહેલા નિવેદનો સામે સુપ્રીમે વાંધો લીધો હતો.સુપ્રીમ કહ્યુ છે કે હાલમાં સેન્સર બોર્ડ હજુ સુધી ફિલ્મને સર્ટી.આપ્યું નથી. તે પહેલાં જ તે અંગેની ટિપ્પણી ફિલ્મ માટે આગાઉથી જ નિર્ણય લેઇ જવા જેવું છે.તેણે વિદેશમાં ફિલ્મ રીલીઝ નહિ કરવા દેવાની માંગણી કરતી અરજી નકારી કાઢી હતી.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની બેન્ચે આવી ટકોર બાદ આવો ચુકાદો આપ્યો હતો. વકીલ એમ.એલ.શર્માએ માનહાની અને સિનેમાટોગ્રાફી એકટના ભંગ સહિત વિવિધ ગુનાઓ બદલ ડિરેક્ટર સંજય ભળસાલી અને અન્યો સામે સીબીઆઇ કેસ નોંધે તેવી સુચનાની પણ કોર્ટ સમક્ષ માંગણી કરી હતી. બેન્ચે શર્માની તેની નવી પીટીશનની માંગણીને ગેરસમજભરી ગણાવી હતી.કોર્ટે કહ્યુ હતું કે જે ફિલ્મને સીબીએફસીનું સર્ટિફિકેશન ન મળ્યુ હોય તે અંગે અગાઉથી કં ઇ પણ કહી શકાય નહીં. જો કે કોર્ટે શર્માને કોઇ દંડ ફટકાર્યો ન હતો.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ભાજપ શાસિત પાંચ રાજ્યોના મુખ્યમંત્રીઓ ફિલ્મના વિરોધમાં બોલી ગયા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વાત કરીને ગુજરાતે સૌ પહેલાં એક જાહેરનામુ બહાર પાડ્યું છે. રાજપુતોની લાગણીને ઠેસ પહોંચે તેવા કથિત કન્ટેન્ટ ધરાવતી ફિલ્મ પધ્માવતી નો દેશભરમાં વિરોધ થઇ રહ્યો છે.

## વિરોધ પ્રદર્શનો કે આંદોલનો દરમિયાન મિલકતોના નુકશાન માટે જવાબદારી નક્કી કરવા સુપ્રીમ કોર્ટનો અનુરોધ

આંદોલનો અને જાહેર વિરોધ પ્રદર્શનો દરમિયાન જીવન અને જાહેર સંપત્તિના નુકશાન મામલે ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે તોડફોડની જવાબદારી નક્કી કરવા અને આવા હિંસક વિરોધના પીડીતોને વળતર આપવા માટે દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અદાલતો ઊભી કરવા કેન્દ્રને સુચના આપી છે.

સુપ્રીમે કેન્દ્રને સલાહ આપી છે કે સબંધિત હાઈકોર્ટો સાથે મસલત કરીને ેક કે વધુ જિલ્લા જજોની આવા હાનિકારક કૃત્યો માટે જવાબદારોની નાગરિક જવાબદારીઓ નક્કી કરવા અને તેમની સામે કામ ચલાવવાની જવાબદારી સોપવી જોઈએ.સુપ્રીમે જાહેર કે ખાનગી મિલકતોના નુકશાનમાં સામેલ લોકો સાથે સબંધ ધરાવતા આવા સંગઠનો અથવા રાજકીય પક્ષોના નેતાઓ સામે ગુનાઈત પગલાંની પણ તરફેણ કરી છે.

જસ્ટીસ આદર્શકુમાર ગોએલ અને યુ.યુ.લલિતની બેન્ચે જણાવ્યુ હતું કે સુપ્રીમ ૨૦૦૯માં માર્ગરેખાઓ બનાવી હતી.જેમાં આવા આંદોલનોની વીડીયોગ્રાફી પણ સામેલ કરાઈ હતી.પરંતુ આવા વળતર નક્કી કરવા માટે કોઈ માળખું નથી.બેન્ચે ઉમેર્યું હતું કે જીવન અને મિલ્કતોના નુકશાનમાં પરિણમતા આંદોલનો હવે અવારનવાર થવા લાગ્યા છે.જો તે મામલે સુપ્રીમ કે હાઈકોર્ટમાં લઈ જવાશે તો તે મુશ્કેલ બની જશે.આવી ઘટનાઓ માટે લોકો પોતાની ફરિયાદ કરી શકે ને કાયદા મુજબ તેનો ઉપચારમાંગી શકે તેવું ફોરમ જરુરી છે.કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે બંધારણમાં લોકોને મુક્તપણે એકત્ર થઈને શાંતિપુર્ણ વિરોધ કરવા માટેનો અધિકાર અપાયો છે. પરંતુ કોઈનું જીવન અને મિલ્કતના નુકશાન થાય તેવા હિંસક વિરોધની આઝાદી નથી.આમ્ જે લોકો શાંતિ ન જાળવે તેમને જવાબદાર ઠેરવીને જે લોકોએ વેઠ્યું છે તેમને વળતર મળવુ જોઈએ

દેશભરમાં વિવિધ બાબતોને લઈને આંદોલનો અને વિરોધ પ્રદર્શનો થતાં રહે છે.મોટાભાગના રાજકીય પક્ષો કે સંગઠનો આવા આંદોલનો અને પ્રદર્શનો કરતાં હોય છે.પરિણામે જાહેર મિલ્કતને નિશાન બનાવાય છે સરકારી ઓફીસો,બસ સ્ટેન્ડો, સરકારી બસો,જેવી અનેક મિલક્તોને લાખો રુપીયાનું નુકશાન પહોચે છે.અને આખરે પ્રજાનું અને દેશનું નુકશાન થાય છે પરંતુ આ બાબતે કોઈના સમજમાં આવતી નથી.

## મુંબઇ હાઇકોર્ટે શિવસેનાના ધારાસભ્ય અને મહારાષ્ટ્ર યુતિ સરકારમાં મંત્રી બનેલા અર્જુન ખોટકરની ચુંટણી રદ જાહેર કરી

બોમ્બે હાઈકોર્ટે શિવસેનાના ધારાસભ્ય અને મહારાષ્ટ્રના યુતિ સરકારમાં મંત્રી અર્જુન ખોટકરની ૨૦૧૪માં થયેલી ચુંટણી રદ જાહેર કરી છે.હાઈકોર્ટે કહ્યુ હતું કે તેમણે જે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું તે તેની નિશ્ચિત સમયમર્યાદા પછી ભરવામાં આવ્યું હુતં. આ કારણસર તેમની ચુંટણી રદ કરવામાં આવી છે. ખોટકર મહારાષ્ટ્ર સરકારમાં કાપડ,ડેરી મંત્રી તરીકે હાલમાં સેવાઓ આપી રહ્યા છે.તેમની વિરુધ્ધ કોંગ્રેસના કૈલાશ ગૌરાન્ત્યાલે અરજી કરી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**


## કર્ણાટકમાં મળેલી ધર્મ સંસદમાં સ્વામી ગોવિંદે હિંદુઓને ૪ બાળકો પેદા કરવાની સલાહ આપી

કર્ણાટકના ઉડીપીમાં ચાલી રહેલી ધર્મ સંસદમાં સ્વામી ગોવિંદ દેવ ગીરીજી મહારાજે હિંદુઓને કેટલા બાળકો પેદા કરવા તેની સલાહ આપતાં કહ્યુ હતું કે સમાન નાગરિક સંહિતા (યુનિફોર્મ સીવીલ કોડ)નો અમલ થાય ત્યાં સુધી હિંદુઓને ઓછામાં ઓછા ચાર બાળકો પેદા કરવા જોઈએ.

તેમણે કહ્યુ હતું કે સરકાર અત્યારે બે બાળકો પર ભાર મુકી રહી છે. પરંતુ જ્યાં સુધી સમાન સીવીલ કોડ અમલ ન થાય ત્યાં સુધી હિંદુઓએ ઓછામાં ઓછા ચાર બાળકો પેદા કરવા જોઈએ. જે વિસ્તારમાં હિંદુઓની વસતી ઓછી થઈ છે અને તેમાંથી કેટલાય વિસ્તાર ભારતે ગુમાવી દીધા છે.

તેમણે આવું એટલા માટે કહ્યુ હતુંકે જનાકિકીય અસંતુલન પર લગામ લગાવી શકાય.જે વિસ્તારમાં હિંદુઓની વસ્તી ઓછી થઈ છે તે વિસ્તાર ભારતે ગુમાવી દીધા છે.જેથી જનાંનકિક્રીય અસંતુલન પેદા થયું છે. એ માટે બે બાળકોની નીતિ ફક્ત હિંદુઓ માટે જ સીમીત રહેવી જોઈએ નહીં. હરિદ્વાર સ્થિત ભારત માતા મંદિરના સ્વામી ગિરજા મહારાજે આ ક્હયુ હતું.

## સ્કુલના વિદ્યાર્થીઓમાં દેશભક્તિ જગાવવા રાજસ્થાનમાં રાષ્ટ્રગાન ગાવાનું ફરજીયાત બનાવાયું

રાજસ્થાન સરકારે હવે સ્કુલના વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જગાવવા માટે હોસ્ટેલોમાં રાષ્ટ્રગાન અનિવાર્ય કર્યુ છે. રાજસ્થાન સામાજિક ન્યાય તેમજ અધીકારિતા વિભાગે, ઓબીસી,એસસી તથા એસટીની તમામ ૭૮૯ હોસ્ટેલોમાં રાષ્ટ્રગાન ગાવાનો નિર્દેશ આપ્યો છે.આ પગલાંને કારણે વિવાદ સર્જાયો છે.નિર્દેશ અનુસાર તમામ હોસ્ટેલોમાં સવારે ૭ વાગે રાષ્ટ્રગાન ગાવું ફરજીયાત છે.સરકારે જારી કરેલા એક નિવેદન અનુસાર તમામ આવાસીય સ્કુલોમાં રાષ્ટગાન ફરજીયાત હશે.આ પરંપરા હોસ્ટેલોમાં પણ જાળવવાની રહેશે.નિર્દેશ પ્રમાણ તેનો અમલ તાત્કાલિક થયો છે.

## મધ્યપ્રદેશમાં સ્કુલોમાં દેશભક્તિની નવી ફોર્મ્યુલા' જયહિંદ' નો આદેશ

મધ્યપ્રદેશની સ્કુલોમાં દેશભક્તિમાં વિદ્યાર્થીઓને તરબોળ કરી દેવાની નવી તરકીબ શિક્ષણમંત્રીએ શોધી કાઢી છે.શિક્ષણમંત્રીએ આદેશ આપ્યો છે કે હવે રાજ્યની તમામ સરકારી સ્કુલોમાં વિદ્યાર્થીઓએ હાજરી પુરવામાં આવે ત્યારે યસ સર, કે યસ મેડમ બોલવાના બદલે જયહિંદ બોલવાનું રહેશે.મંત્રીના આ ફરમાન પર વિપક્ષે શિવરાજની સરકાર પર પ્રહારો કર્યા હતા.

શિક્ષણમંત્રી વિજય શાહે રાજધાની ભોપાલમાં શોર્ય સ્મારક ખાતે ૬૯માં એનસીસી ડે નિમિત્તે આ ઘોષણા કરી હતી. તેમના આ આદેશ પછી હવે મધ્યપ્રદેશની તમામ ૧.૨૨.૦૦૦ સરકારી સ્કુલોના વિદ્યાર્થીઓએ હવે હાજરી વખતે યસ સર કે યસ મેડમના બદલે જયહિંદ બોલવાનું રહેશે. વિજય શાહે કહ્યુ હતું કે પ્રાઈવેટ સ્કુલોને પણ આ મામલે એડવાઈઝરી જારી કરવામાં આવશે.આ ફરમાન દેશભક્તિની ભાવના જગાવવા માટે કરાયું છે.અગાઉ સતના જિલ્લામાં ૧ ઓક્ટો.થી પ્રયોગ રુપે સ્કુલોમાં આ વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. તેના પછી મંત્રીએ હવે સમગ્ર રાજ્યમૌં તે લાગુ કરવા માટેનું એલાન કર્યુ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## ૨૦૧૯માં મોદીને હરાવવા માટે વિપક્ષ સંયુક્ત ઉમેદવારને મેદાનમાં ઉતારે : અરુણ શૌરી

ભાજપના સીનીયર અનો એનડીએની બાજપેયી સરકારમાં મંત્રી રહી ચુકેલા અરુણ શૌરીએ જણાવ્યુ હતું કે ભાજપ અને નરેન્દ્ર મોદીને હરાવવા તમામ વિપક્ષો એક જુથ થવું પડશે.૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં વિપક્ષો ભાજપના ઉમેદવાર સામે સર્વસંમતી સાધી સંયુક્ત ઉમેદવાર ઉભો રાખવો જોઈએ. શોરીએ જણાવ્યુ હતું કે ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં ભાજપને ફક્ત ૩૧ ટકા મત મળ્યા હતા.બાકીના ૬૯ ટકા મત અલગ અલગ પાર્ટીના ઉમેદવારોને મળ્યા હતા.અરુણ શૌરીએ કહ્યુ હતું કે જો તમે ખરેખર માનો છો કે દેશ જોખમમાં છે તો તમારે એકજુથ થવું પડશે.જે લોકો દેશને ડેન્જર ઝોનમાં લઈ જઈ રહ્યા છે તેમની સામે વિપક્ષે એક સંયુક્ત ઉમેદવાર ઊતારવો પડશે. તેના માટે વિપક્ષે એક કોમન મિનિમમ પ્રોગ્રામ નક્કી કરવો પડશે.

અરુણ શૌરીએ જણાવ્યુ હતું કે મુડીઝ જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓના રેટિંગ શાળાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા રિપોર્ટ જેવા હોય છે. આર્થિક નીતિના ઘડવૈયાઓએ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા અપાતા હકારાત્મક અને નકારાત્મક રેટિંગ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ નહીં.મોદી સરકારની નીતિ ઘડવૈયાઓમાં અર્થતંત્રમાં સુધારા માટે જરુરી દષ્ટીકોણ જ નથી. મે વિશ્વબેન્કમાં નવ વર્ષ સુધી કામ કર્યુ છે. ભારતને વિશ્વબેન્ક કે આઈએમએફની લોનની જરુર પડતી તી તે સમય હવે ભુતકાળ બની ગયો છે.મુડીઝ અને વિશ્વબેન્કના રેટિંગ પર શૌરીએ જણાવ્યુ હતું કે સરકાર સમગ્ર સિસ્ટમ સાથે રમત રમી રહી છે.

### જાણવા જેવું !

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# દલિત સાથે ઇન્ટરકાસ્ટ લગ્ન કરનાર દરેક યુગલને રુ.૨.૫લાખ અપાશે

કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ટરકાસ્ટ લગ્ન કરનારાને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવાયા છે. દલિત સાથે ઈન્ટરકાસ્ટ લગ્ન કરનાર દરેક યુગલને સરકાર દ્વારા ૨.૫ લાખની સહાય ચુકવવામાં ‌વે છે. કેન્દ્ર સરકારે આવા લગ્ન માટે રુત ૫ લાખની મહત્તમ વાર્ષિક આવકની મર્યાદા રદ કરી છે.કેન્દ્રના આ નિર્ણયથી બીજી જ્ઞાતિમાં લગ્ન કરનાર તમામ વર્ગના લોકોને સરકારની ડો.આંબેડકર સ્કીમ ફોર સોશ્યલ ઈન્ટીગેશન થ્રુ ઈન્ટરકાસ્ટ મેરેજ યોજનાના લાભ આપવામાં આવશે.આવા ઈન્ટરકાટ લગ્ન કરનાર દંપતિને સરકાર રુ. ૨.૫ લાખ આપશે. જો કે આવા લગ્ન કરનાર યુવક કે યુવતીમાંથી કોઇ એક દલિત હોવા જરુરી છે.અત્યાર સુધીમાં આ યોજનાના લાભ વાર્ષિક રુત ૫ લાખથી ઓછી આવક ધરાવનાર દંપતિને જ મળતા હતા.હવે રુ. ૫ લાખથી વધુ આવક ધરાવનારાઓને પણ તેના લાભ મળશે.

આ યોજના સરકાર દ્વારા ૨૦૧૩માં શરુ કરાઇ હતી.જેમાં દર વર્ષે ૫૦૦ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલને નાણાંકીય સહાય આપવાની જોગવાઇ કરાઇ હતી. લગ્ન કરનાર દંપતિને મળનાર રુ.૨.૫ લાખની સહાયમાંથી તેઓ પોતાનું ઘર અને ઘરવખરી વસાવી શકતાં હતા. આવા આંતરજ્ઞાતિય લગ્ન કરનાર દંપતિના આ પહેલા લગ્ન હોવા જોઇએ અને હિંદુ મેરેજ એક્ટ મુજબ તેનું રજીસ્ટ્રેશન કરાવવું જરુરી હતું.

# અમેરિકાએ જેરુસાલેમમાં પોતાનો દુતાવાસ ખોલ્યો

અમેરિકન રાષ્ટ્રપ્રમુખે પોતાના ચુંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યુ હતું કે તેઓ જેરુસાલેમને ઇઝરાયેલની રાજધાની તરીકે માન્યતા આપશે.તેમણે તે વચન આપ્યું હતું કે તેઓ અમેરિકન દુતાવાસને તેલ અવીવથી જેરુસાલેમમાં શિફ્ટ કરશે.પેલેસ્ટાઇન અને આંતરરાષ્ટ્રીય સમુદાયના વિરોધ વચ્ચે ટ્રમ્પે જેરુસાલેમને ઇઝરાયેલની રાજધાની તરીકેની માન્યતા આપવાનું ઐતિહાસિક એલાન કર્યું છે.ટ્રમ્પના આ પગલાંનો આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ થયો છે.આ મુદ્દો સંવેદનશીલ છે.અહીયાં જેરુસાલેમમાં યહુદી,મુસ્લીમો અને ખ્રિસ્તીઓ એમ ત્રણેય ધર્મના લોકો વસે છે અને જેરુસાલેમને પવિત્ર માને છે.અહીં સ્થિત ટેમ્પલ માઉન્ટ કે જે યહુદીઓનું સૌથી પવિત્ર સ્થળ છે.તો અલ-અકસા મસ્જીદને મુસ્લીમો અતિ પવિત્ર માને છે.મુસ્લીમોની માન્યતા પ્રમાણે અલ-અકસા મસ્જીદ જ એ સ્થળ છે જ્યાંથી મહમંદ પયગંબર જન્નતમાં પહોચ્યા હતા. આ ઉપરાંત કેટલાક ખ્રિસ્તીઓ માને છે કે જેરુસાલેમમાં જ ઇસુ ખ્રિસ્તને વધસ્તંભ ઉપર ચઢાવવામાં આવ્યા હતા.અહી આવેલા સપુખર ચર્ચને ખ્રિસ્તીઓ ખુબ પવિત્ર માને છે.એક તરફ ઇઝરાયેલ જેરુસાલેમને પોતાની રાજધાની ગણાવે છે. તો બીજી તરફ પેલેસ્ટાઇન પમ ઇઝરાયેલને પોતના ભવિષ્યના રાષ્ટ્રની રાજધાની કહે છે.સંયુક્ત રાષ્ટ્ર અને દુનિયાના મોટાભાગના દેશો સમગ્ર જેરુસાલેમ પર ઇઝરાયેલના દાવાને માન્યતા આપતા નથી.૧૯૪૮માં ઇઝરાયેલે આઝાદીની ઘોષણા કરી હતી.અને એક વર્ષ પછી જેરુસાલેમના ભાગલા થયા હતા.ત્યારપછ ૧૯૬૭માં ઇઝરાયેલે ૬ દિવસ સુધી ચાલેલા યુધ્ધ પછી પુર્વીય જેરુસાલેમ પર કબજો જમાવ્યો હતો.૧૯૮૦માં ઇઝરાયેલે જેરુસાલેમને પોતાની રાજધાની ગણાવી હતી પરંતુ સંયુક્ત રાષ્ટ્રસુરક્ષા પરિષદે એક પ્રસ્તાવ પસાર કરીને પુર્વીયજેરુસાલેમ પર ઇઝરાયેલના કબજાની નિંદા કરી હતી.આ કારણસર કોઇપણ દેશનો દુતાવાસ જેરુસાલેમમાં નથી.જે પણ દેશ ઇઝરાયેલને માન્યતા આપે છે તેમના દુતાવાસ તેલ અવીવમાં છે.તેલ અવીવમાં ૮૬ દેશોના દુતાવાસ આવેલા છે.હવે અમેરિકાએ જેરુસાલેમાં દુતાવાસ ખોલવાની વાતે લોકોમાં નારાજગી ઉભી થઇ છે.આ વિસ્તારમાં શાંતિ માટે જોખમ સર્જાશે.

# જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઇએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઇએ છીએ. કોઇને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઇ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઈએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઇ જ નથી.જેની ઉંચાઈની તોલે કોઇ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુઃખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુઃખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુઃખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઈ તો ઘણું ' ભાઈ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઈએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઇ ભાઇ નથી.સત્યથી આગળ કોઇ તપ નથી.મોક્ષથી વધીને કોઇ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઇ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઇ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઇ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઇ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઇ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઇ શકે ?સંસ્કૃતમાં કોઇએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઇના માટે કંઇ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઇએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૭૯૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.